## આ અઠવાડિયાની મુનાસેબત

૦૮ શવ્વાલ : જન્નતુલ બકીઅમાં મઝારોને ઈબ્ને સઉદે ખંડીત કર્યા.

## યવ્મુલ હદમ

૮ શવ્વાલ હિ.સ.૧૩૪૪ મુજબ ૨૧ એપ્રિલ, ઈ.સ.૧૯૨૫ના રોજ અબ્દુલ અઝીઝ બીન સઉદની આગેવાની હેઠળ ઈસ્લામના ઐતિહાસિક સ્થળો જેમાં જન્નતુલ બકીઅમાં પવિત્ર પયગંબર(સ.અ.વ.)ની દીકરી જનાબે ફાતેમા ઝેહરા(સ.અ.) અને બીજા માસુમ ઈમામો(અ.સ.)ની કબ્ર મુબારકના ગુંબજો અને રોઝાને તોડી પાડવામાં આવ્યા હતા અને એટલે જ આલીમો એ આ દિવસને ન ફક્ત શિઆઓ માટે બલ્કે તમામ મુસલમાનો માટે ગમનો દિવસ 'યવ્મે ગમ' જાહેર કર્યો. કારણકે આ કાર્ય હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ની એહલેબૈત ઉપર ઝુલ્મ છે.

જન્નતુલ બકીઅને મુનહદીમ કરનારા લોકોના મત મુજબ નેક લોકોની કબ્રો ઉપર બાંધકામ કરવું, કબ્રોની ઝિયારત કરવી, કબ્રો પાસે ઈબાદત કરવી અને રોશની કરવી. એ બધુ કાર્ય શિર્ક છે અને મુર્તિપૂજાને પ્રસ્તુત કરે છે તેથી આ તમામ કાર્યો તે લોકોની નજરમાં બિદઅત છે.

આ ચર્ચા અને દલીલના જવાબમાં આપણે અમુક મુદ્દાઓને જોઈએ.

૧. ઈસ્લામ પહેલા અને ઈસ્લામ આવ્યા પછીના ઈતિહાસના પૂરાવાઓ દ્વારા એ સાબિત થાય છે કે આ એક સુન્નત છે. કબ્ર ઉપર રોઝાને તામીર કરવું એક સંસ્કૃતિ રહી છે.

– જેમાં નબી દાઉદ(અ.સ.) કુદ્દસ ઈઝરાઈલમાં

– નબી ઈસ્હાક(અ.સ.), નબી યાકુબ(અ.સ.), નબી યુસુફ(અ.સ.) હિબ્રનમાં. *(કશ્ફુલ ઈરતેયાહ, પેજ.૩૦૬)*

૨. કુરઆને આ કાર્યને વખોડ્યું નથી બલ્કે કુરઆનમાં અલ્લાહ તઆલા ફરમાવે છે, “અને ઈબ્રાહીમ(અ.સ.)ની ઉભા રહેવાની જગ્યાને નમાઝોની જગ્યા તરીકે લ્યો.”

*(સુ. બકરહ, આ. ૧૨૫)*

આ આયત હઝરત ઈબ્રાહીમ(અ.સ.)ની ખાસ મંઝેલત અને ફઝીલત બતાવે છે કે અલ્લાહે મુસલમાનોને તે જગ્યા ઉપર નમાઝ પઢવા અને ત્યાંથી બરકત હાંસિલ કરવાનો હુકમ કર્યો છે. (મકામે ઈબ્રાહીમ ખાનએ કાબામાં જ્યાં હાજીઓ તવાફ પછી નમાઝ પઢે છે.) અને તેમના ઉભા રહેવાની જગ્યાને અલ્લાહે ઈબાદતની જગ્યા બનાવી છે. આ હસ્તીઓના પગના નિશાન અલ્લાહની રાહમાં સબ્ર અને ધીરજના કારણે આટલા બધા બાબરકત થઈ ગયા કે મુસલમાનોને એ જગ્યા ઉપર અલ્લાહની ઈબાદત કરવાનો હુકમ કર્યો.

૩. જનાબે હાજરા અને જનાબે ઈસ્માઈલ(અ.સ.)એ અલ્લાહની રાહમાં સબ્ર કરી તો અલ્લાહ તઆલાએ તેમના દરજ્જાને એટલા બુલંદ કર્યા કે તમામ લોકો સફા અને મરવાની વચ્ચે સઈ કરવાનો હુકમ કર્યો છે.

તો પછી શા માટે હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ની કબ્ર મુબારક બાબરકત ન હોઈ શકે? જ્યારે કે આપ(સ.અ.વ.) સૌથી અફઝલ અને અલ્લાહના ચહીતા નબી છે. જેઓ સમાજની સુધારણા માટે સબ્ર અને મક્કમતાની શ્રેષ્ઠ મંઝીલ ઉપર હતા અને તેમની એહલેબૈત(અ.મુ.સ.) પણ કે જેમણે અલ્લાહની રાહમાં પોતાની જાનની કુરબાનીઓ આપી અને દીનને બચાવ્યો. તેમની કબ્રની જગ્યાઓને અલ્લાહ તઆલા ફઝીલત અતા ન કરે?

અગર હકીકતમાં કબ્રની નઝદીક ઈબાદતો જાએઝ ન હોત અથવા કબ્રે રસૂલ(સ.અ.વ.)ને કોઈ ફઝીલત ન હતી તો પછી :

- શા માટે પહેલા અને બીજા ખલીફા એ આગ્રહ રાખતા હતા કે તેઓને ત્યાં દફનાવવામાં આવે?
- અને આ ખલીફાઓ અને બીજા સહાબાઓએ કબ્રે રસૂલ(સ.અ.વ.)ની પાસેના બાંધકામનો વિરોધ કેમ ન કર્યો?
- શું આ ખલીફાઓ તૌહીદ અને શિર્ક સંબંધે જાહિલ હતા કે પછી શિર્ક પ્રત્યે ગંભીર ન હતા?

- શું આ ખલીફા અને સહાબાઓ કરતા ઈબ્ને સઉદ અને તેના સાથીદારો જેનો વિરોધ કરે છે અને જેને બિદઅત કહે છે તે તૌહીદ અને શિર્ક બાબતે વધુ જાણકાર હતા?
- અને માઅસૂમ ઈમામો(અ.મુ.સ.)ની કબ્રોને બિસ્માર કર્યા પછી મસ્જિદે નબવીની અંદર ખલીફાઓની કબ્રોને શા માટે છોડી દીધી?

**અઝીઝો! આ પ્રશ્નોનો એક જ જવાબ છે. બિદઅત અને શિર્કના નામ ઉપર એહલેબૈત(અ.મુ.સ.)ના દુશ્મનોનો એહલેબૈત(અ.મુ.સ.)ની ફઝીલત ઘટાડવા, મુસલમાનોને ગુમરાહ કરવા અને એહલેબૈત(અ.મુ.સ.)થી દૂર કરવા સિવાયનો બીજો કોઈ હેતુ નથી.**

**આવો! અઝીઝો અલ્લાહ પાસે દુઆ કરીએ કે જન્નતુલ બકીઅની તામીર માટે અને દુશ્મને એહલેબૈત(અ.મુ.સ.)ને નિસ્તો નાબૂદ કરવા માટે અલ્લાહ તઆલા પોતાની આખરી હુજ્જતને જાહેર કરી દે. ઈલાહી આમીન.**

પ્રકાશક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ
વેબસાઈટ : www.hajinaji.com ઈમેલ : hajinajitrust@gmail.com